# ભિલોડાના ખેરાડી ગામમાં ઠેર ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય

## રોગચાળો ફેલાય તેવી દહેશત




ભિલોડા,તા.૧૮

ભિલોડા તાલુકાના ખેરાડી ગામમાં ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય રોગચાળો ફેલાય તેવી દહેશત સેવાઈ રહી છે. ખેરાડી ગામમાં ઠેર-ઠેર માખી, મચ્છરોનો ઉપદ્રવ દિન-પ્રતિ-દિન વધતાં પ્રજાજનો ચિંતીત છે ત્યારે વહીવટી તંત્ર જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું હોય તેમ લોકમુખે ચર્ચાય છે. ખેરાડી ગામના મુખ્ય પ્રવેશદ્વાર આગળ જ ઠેર-ઠેર ઉકરડા હોવાના કારણે અસહ્ય દુર્ગુંધ ફેલાય છે. ખેરાડી ગામના વિવિધ વિસ્તારોમાં ગાય, ભેંસના મળ-મુત્રના ઠેર-ઠેર ઢગલે ઢગલા હોવાના કારણે પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ચોમાસાની ઋતુ દરમ્યાન સ્વાઈન ફ્લુ, મેલેરીયા, ઝાડા, ઉલટી, તાવ, વાયરલ બિમારીઓના કારણે ઠેર-ઠેર દવાખાના ઉભરાઈ રહ્યા છે ત્યારે ખેરાડી ગામમાં ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાતાં ખેરાડી ગામના જાગૃત સેવાભાવી કાર્યકર વિમળાબેન પટેલ સહિત ગ્રામજનોએ સરપંચ, ડે.સરપંચ, તલાટી કમ મંત્રી સહિત ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓને વારંવાર ઉગ્ર લેખીત, મૌખિક રજુઆતો કરવા છતાં વહીવટી તંત્રના અધિકારીઓનું પેટનું પાણી હલતુ નથી તેમ જણાવ્યું હતું.

સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડી રહ્યા છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ધ્વારા સ્વચ્છતા અભિયાન માટે લાખ્ખો, કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે પરંતુ રૂપિયા ક્યાં ખર્ચાય છે એ ખેરાડી ગામના પ્રજાજનોને હવે સમજાતું નથી તેમ જાણવા મળેલ છે. ખેરાડી ગામમાં સત્વરે ગંદકી હટાવવામાં નહી આવે તો જાગૃત પ્રજાજનો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેવું રણશીંગુ ફુકાયું છે.

ખેરાડી ગામના એક જાગૃત નાગરીકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ખેરાડી ગામમાં બારેમાસ ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું હોય છે ત્યારે અસહ્ય ગંદકીના ફોટા કેન્દ્ર સરકારની સ્વચ્છતા અભિયાનની સાઈટ ઉપર અપલોડ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# ખેડબ્રહ્મામાં વધુ એક સ્વાઈન ફલુનો કેસ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકામાં વધુ એક સ્વાઈન ફ્લુનો કેસ બહાર આવવા પામ્યો છે. ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાની ૩૩ વર્ષીય મહિલાને ગત ૧૨ ઓગષ્ટે શરદી-ઉધરસની તકલીફ થતાં ખેડબ્રહ્મા ખાનગી દવાખાને સારવાર લીધેલ હતી. તેમને રાહત ન થતા વધુ સારવાર અર્થે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ૧૫ ઓગષ્ટે દાખલ કરવામાં આવેલ અને ૧૬ ઓગષ્ટે રીપોર્ટ કરાવતા પોઝીટીવ રીપોટ આવેલ હતો. જેથી તંત્ર દ્વારા તેમના પરીવારના ૫ સભ્યોને પણ સારવાર આપવામાં આવી રહી છે.

# હિંમતનગર હેપ્પી ફ્રેન્ડ સર્કલ, લઘુમતી કોમના બિરાદરો દ્વારા તિરંગા રેલી યોજાઈ



ભિલોડા,તા.૧૮

સાબરકાંઠા જીલ્લા મથક હિંમતનગર હેપ્પી ફ્રેન્ડ સર્કલ, લઘુમતી કોમના બિરાદરો ધ્વારા ૭૧માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે હિંમતનગર અશરફનગર કસ્બા હ. પુ. છાપરીયા વિસ્તારમાં તિરંગા રેલી યોજાઈ હતી. હિન્દુ-મુસ્લીમ ભાઈઓએ સાથે મળી રેલીમાં ભાગ લીધો હતો. છાપરીયા ચોરાથી રેલીનો શુભારંભ કરાયો હતો. મહાવીરનગર, હાજીપુરા, અલકાપુરી, ન્યાય મંદીરથી ટાવર રોડ થઈ છાપરીયા ખાતે તિરંગા રેલી શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. તિરંગા રેલીમાં ચાંદનગરના યુવાનો ધ્વારા પીવાના પાણીની વ્યવસ્થા કરી સાથ સહકાર આપ્યો હતો.

હિંમતનગર અશરફનગર કસ્બા હ.પુ. છાપરીયા વિસ્તાર હેપ્પી ફ્રેન્ડ સર્કલ, લઘુમતી કોમના બિરાદરો ધ્વારા તા. ૧૫મી ને મંગળવારના રોજ સમી સાંજે કેન્ડલ માર્ચ માફરતે ગોરખપુર અને બનાસકાંઠા જીલ્લામાં પુરમાં મૃત્યું પામેલા સદ્ગતોને શ્રધ્ધાંજલી આર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો.

# અરવલ્લી જિલ્લામાં અતિવૃષ્ટિ બાદ ખેતરોમાં ભૂંડ અને રોઝનો વધતો ઉપદ્રવ



અરવલ્લી, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મોટા ભાગના તાલુકાઓમાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોની જમીનોનુ મોટા પાયે ધોવાણ સાથે મોંઘામાના બીયારણ જમીનમાં ધરબાઈ ગયુ હતુ. એકબાજુ આવા અસરગ્રસ્ત ખેડૂતો સરકારની સહાયની રાહ જોઈ રહ્યા છે. બીજી તરફ અમુક ગામોમાં ધોવાયેલી જમીન, નાશ પામેલા બીયારણનો સર્વે પણ થયેલ નથી. ખેડૂતોને આ બાબતે શુ કરવુ તેની સમજના અભાવે હેરાન થઈ રહ્યા છે. ત્યારે બીજી તરફ અતિવૃષ્ટિથી બચી ગયેલા પાક ખેડૂતો માટે આશાનું કિરણ સમા હતા ત્યારે જ તાલુકાઓના મોટા પ્રમાણમાં ગામોમાં ભૂંડ અને રોઝના ત્રાસના કારણે બચી ગયેલા ઉભા પાક મકાઈ, મગફળી, ગવાર, ઉપર હલ્લાબોલ કરી અને પાકનુ સત્યાનાશ વાળી દેતા હોય છે. આ સમયે ખેડૂતો માટે કપરો બની રહ્યો છે. સરકાર તરફથી તાત્કાલિક ધોવાણ થયેલી જમીનનુ સર્વે અને ભૂંડ અને રોઝના ત્રાસથી ખેતીને મોટા પાયે નુકસાન થયેલ છે. સંબંધીત કચેરી દ્વારા ભૂંડ અને રોઝના ત્રાસવાળા ગામમાં સર્વે કરાઈ તારની વાડ માટે ખેડૂતોને તાત્કાલિક સહાય આપવી જોઈએ. જેથી દેવાદાર ખેડૂત વધુ દેવામાં ના ફસાય અને ખેડૂતોને રાહત મળે તેવી અરવલ્લી જિલ્લાના ખેડૂતોની માંગ છે.

# નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં કલસ્ટર રમતોત્સવ ઉજવાયો



ભિલોડા,તા.૧૭

નાદરી ચાંદીસણા પ્રાથમીક શાળામાં કલસ્ટર રમતોત્સવ ઉજવાયો હતો. જેમાં કબડ્ડી, ખો-ખો, ગોળાફેંક, દોડ, લાંબી કુદ જેવી રમત બાળકોને રમાડવામાં આવી હતી. નાદરી ચાંદીસણા પ્રાથમીક શાળાની કબડ્ડી ભાઈઓ-બહેનોની ટીમ વિજેતા બની હતી. સી.આર.સી. કક્ષાએ રમતોત્સવમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને રામપુરાના દાતાએ તિથી ભોજન આપ્યું હતું. નાદરી ચાંદીસણા પ્રાથમીક શાળા આચાર્ય, રામપુરા પ્રાથમીક શાળા આચાર્યએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# ભિલોડા માહેશ્વરી યુવા સંગઠન દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૭

ભિલોડા માહેશ્વરી યુવા સંઘઠન ધ્વારા શ્રીનાથ સોસાયટી વિસ્તારમાં જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી પ્રસંગે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. રાજસ્થાન રાજ્યના લોકપ્રિય ગાયક કલાકાર રૂસ્તમ ઉસ્તાદના કોકીલ કંઠે ભજન સંધ્યાનો કાર્યક્રમ ધામધુમ પુર્વક યોજાયો હતો. કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી નિમિત્તે માહેશ્વરી સમાજના નવયુવાનો ધ્વારા મટકી ફોડવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સુરેશભાઈ બાંગડ, રામપાલભાઈ લઢ્ઢા, વિષ્ણુંભાઈ મુંદડા, ઈન્દ્રવદનભાઈ ખટોડ, શિવજીભાઈ મુંગડ સહિત માહેશ્વરી સમાજના આગેવાનો, નવયુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ટીમ્બા કમ્પા તલોદ ખાતે તાલુકા કક્ષાની પશુપાલન શિબિર યોજાઈ



તલોદ, તા. ૧૮

આ શિબિરમાં જીલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસે પશુપાલક બહેનોને સંબોધતા જણાવ્યું કે પશુપાલન દ્વારા ગ્રામીણ પરિવારોમાં આર્થિક ઉન્નતિ લાવી શકાયી છે. આપણા જીલ્લાના મહેનતુ અને ઉત્સાહી પશુપાલકોની વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલનના કારણે સાબરકાંઠા જીલ્લો દૂધ ઉત્પાદનમાં રાજયમાં અગ્રીમ હરોળમાં સ્થાનાકિન્ત છે. વધુમાં તેઓએ પશુપાલક બહેનોને જણાવ્યું કે સ્વચ્છ ભારત મિશનમાં પણ આપ સહુનો આટલા જ ઉત્સાહપૂર્વકનાં પ્રયત્નથી આપણે તલોદ તાલુકાને સંપુર્ણ સ્વચ્છ બનાવવાનો છે. આ શિબિરમાં જીલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન અભેસિંહ ઝાલા, તલોદ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી વિજયાબા ઝાલા, જીલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો, પશુપાલન નિયામક, ડો. પી.કે મિસ્ત્રી તથા પશુપાલન શાખાના વેટરનરી ડો. અને કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં પશુપાલક બહેનો ઉપસ્થિત રહેલ.

# કોંગ્રેસ નેતા પર કર્ણાટકમાં ઈન્કમટેક્ષનો દરોડો કાનૂની બાબત : જીતુ વાઘાણી

ડીસા, તા. ૧૮

બનાસકાંઠામાં પૂર પ્રકૌપથી ભારે તબાહી છે. કરોડોનુ નુકસાન, ૬૫થી વધુ માનવ મોત અને ૪૨૦૦થી વધુ પશુ મોત, હજારો એકર જમીન અને પાક ધોવાણ, રોડ, રસ્તા, મકાન નુકસાનથી જિલ્લાવાસીઓ હજુ આઘાતમાથી બેઠા નથી થઈ સક્યા. ત્યારે રાજ્ય સભાની ચૂંટણી કાવાદાવામાં કોંગ્રેસ ધારાસભ્યોનો બેંગલુરુ પ્રવાસ જિલ્લામાં ભારે ચર્ચીત બન્યો છે અને બનાસકાંઠાના છ કોંગ્રેસ ધારાસભ્યો લોકોમાં અપ્રીય બની રહ્યાં છે.

આજે ડીસા ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ અને તેમની ટીમના સભ્યો પૂરપીડિતોની મદદમાં પહોચ્યા હતા. ત્યારે ભાજપે આ તકમાં કોંગ્રેસ સામે નિશાન તાકી કોંગ્રેસ ધારાસભ્યોને તકવાદી ગણાવ્યા છે. જેમા મંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમનુ આખુ મંત્રીમંડળ બનાસકાંઠામાં પાંચ દિવસનો સેવા કેમ્પ રાખી પૂર પિડિતોને રાહત મદદ પહોચાડી રહ્યાં છે. જેમા આજે બનાસકાંઠાના ડીસા ખાતે આવેલ ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ પૂર પીડિતોને રાહત મદદ પહોચાડી તેમનુ પુનઃ ઉત્થાન કરવુ ભાજપનુ પ્રથમ લક્ષ અને કર્તવ્ય ગણાવ્યું હતુ. વધુમાં તેમણે કર્ણાટકમાં બુધવારે કર્ણાટકના ઊર્જા મંત્રી ડિ.કે. શિવકુમારના રિસોર્ટમાં તેમજ ૩૫ જગ્યાએ પડેલ દરોડા કાર્યવાહીના પ્રશ્નમાં હાથ જાતકી આ આવકવેરાની સ્વત્રંત્ર કામગીરી ગણાવી હતી. તેમણે એ પણ જણાવ્યુ હતુ કે કાયદાની ભાષામાં ડાયરી જેવો પૂરાવો અને પાંચ કરોડ રોકડ મલી છે તે પુરાવો પણ ધ્યાને રાખવો જોઈએ તેવુ ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ હતુ.

# ભિલોડા ભારત વિકાસ પરિષદ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું



ભિલોડા,તા.૧૭

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા આયુર્વેદિક ઉકાળાનો વિતરણ કેમ્પ યોજાયો હતો. જીલ્લા આયુર્વેદિક અધિકારી એમ. એચ. ભટ્ટના માર્ગદર્શન હેઠળ આયુર્વેદિક ઉકાળાનો વિતરણ કેમ્પ યોજાયો હતો. ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, ડૉ. અશ્વિનભાઈ પટેલ, ડૉ. જગદીશભાઈ કટારા, ડૉ. ઉષાબેન ગામેતી, ડૉ. પુષ્પાબેન ખરાડી સહિત સેવાભાવી કાર્યકરોએ રોગ પ્રતિકારક શક્તિ વધારતાં આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું. આયુર્વેદિક ઉકાળો પીવાનો મોટી સંખ્યામાં પ્રજાજનોએ લાભ લીધો હતો.

# ધી ધંધાસણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ચેરમેન પદે નિમણુંક

ભિલોડા,તા.૧૭

ભિલોડા તાલુકાના ધંધાસણ ગામની ધી ધંધાસણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ની સાધારણ સભા તાજેતરમાં મળી હતી. દિપકભાઈ ડામોર ચેરમેન પદે, કાવજીભાઈ ગઢસા વા. ચેરમેન પદે નિમણુંક કરાઈ હતી. ધી ધંધાસણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. સભાસદો, ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ડીસાની એન્જલસ ગુજરાતી મીડીયમ સ્કૂલમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી

ડીસા ખાતે કાર્યરત એન્જલસ ગુજરાતી મીડીયમ સ્કૂલ ખાતે આજ રોજ જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ જન્માષ્ટમી પર્વ નિમિત્તે શાળામાં ભણતા નાના નાના ભૂલકાઓ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ ગરબે રમ્યા હતા. અને મટકી ફોડી જન્માષ્ટમી પર્વની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અને વાલીઓ હાજર રહ્યા હતાં.

# અરવલ્લી જિલ્લા ભાજપ ડૉક્ટર સેલ અને લાયન્સ ક્લબ દ્વારા સ્વાઈન ફલુ સામે રક્ષણ માટે ઉકાળાનું વિતરણ




અરવલ્લી, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાં સ્વાઈનફલુના ૯ થી વધુ કેસ પોઝેટીવ મળી આવતા જિલ્લાના પ્રજાજનોમાં રીતસરનો સ્વાઈનફલુ નામની બીમારીએ ભય ફેલાવ્યો છે અને દિન પ્રતિદિન નવા શંકાસ્પદ અને પોઝેટીવ કેસો મળી આવતા જિલ્લા ભાજપ ડૉક્ટર સેલ અને લાયન્સ કલબ મોડાસા દ્વારા બે દિવસથી મોડાસાના જુદા જુદા વિસ્તારોમાં સ્વાઈનફલુ સામે રોગપ્રતિકારક શકિત વધે અને સ્વાઈનફલુ સામે રક્ષણ મળી રહે તે માટે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ સતત દિવસભર વિતરણ કરવામાં આવ્યું હતું અને એક સપ્તાહ સુધી આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ ઉકાળા વિતરણમાં જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, ડૉક્ટર સેલના સદસ્યો અને લાયન્સ કલબના ગુણવંતીબેન કંસારા, લાયોનેસ હેમલત્તાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આયુર્વેદિક ઉકાળાનો લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ નીટના મુદ્દે વિદ્યાર્થીઓની વહારે



અરવલ્લી, તા. ૧૮

નીટના પ્રશ્નપત્રો અલગ હોવાથી ગુજરાતી માધ્યમના ૪૭૫૮૩ વિદ્યાર્થીઓનું ડૉક્ટર બનવાના સ્વપ્ન પર પાણી ફરી વળ્યું છે. આવી સ્થિતિમાં પણ સરકાર મૂક પ્રેક્ષક બનીને ગુજરાતના મેરીટ ધરાવતા હજ્જારો વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે ચેડાં કરી રહી હોવાના આક્ષેપ સાથે અને તામિલનાડુ સરકારે નીટમાંથી મુક્તિ માટે વટહુકમ બહાર પાડવાનો નિર્ણય કર્યો છે ત્યારે ગુજરાતમાં ભાજપની સરકાર વિદ્યાર્થીઓના હામી હોવાની અને સતત ચિંતિત હોવાની વાતો કરે છે ત્યારે તામિલનાડુ સરકારની જેમ પ્રાદેશિક અને ગામડાના વિદ્યાર્થીઓને આ વર્ષે નીટમાંથી મુક્તિ આપવાની અને ૪૭ હજાર વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

શુક્રવારે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, ગુજરાત પ્રદેશ કક્ષા મંત્રી અરુણ પટેલ અને જિલ્લા કોંગ્રેસ સમિતિના કાદરઅલી સૈયદ, મોડાસા શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા, મોડાસા તાલુકા પંચાયત સદસ્યો સહીત મોટી સંખ્યામાં અરવલ્લી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી. પ્રદેશ કોંગ્રેસના મંત્રી અરુણ પટેલના જણાવ્યા અનુસાર ૨૦૧૭ માં પ્રાદેશિક ભાષાના વિદ્યાર્થીઓ એ નીટ આપી હતી તેમાં સૌથી વધુ ૪૭૫૮૩ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ હતા તેઓના અલગ અલગ પેપર કાઢીને સીબીએસઈ કેન્દ્ર સરકારે ભેદભાવ રાખી અન્યાય કર્યો છે આ અન્યાય સામે વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા સતત રાજ્ય સરકારમાં રજુઆત કરવામાં આવી રહી છે પણ બહેરી બનેલી સરકારના કાને આ વાત સાંભળતી જ નથી અને તામિલનાડુની સરકાર નીટ મુદ્દે પ્રાદેશિક અને ગામડાના વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર સરકાર સામે લડત આપી રહી છે અને આ વર્ષે મેડિકલ અને ડેન્ટલ પ્રવેશ માટે નીટમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરી છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા પણ ૪૭ હજાર વિદ્યાર્થીઓને ન્યાય મળે અને સ્વપ્ન રોળાય નહિ તે માટે કોંગ્રેસ દ્વારા અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી. તદુપરાંત રાજ્યનું શિક્ષણ ખાડે ગયું હોવાનું જણાવ્યું હતું.

# ખેડબ્રહ્મા નગરપાલિકાનો સપાટો ૧૮ મટન શોપ બંધ કરાવી



ખેડબ્રહ્મા, તા. ૧૮

સમગ્ર રાજ્યમાં સ્વાઈન ફ્લુનો કહેર વર્તાઈ રહ્યો છે. જેને લઈ ખેડબ્રહ્મા નગરપાલિકાએ અગમચેતી રૂપ શહેરમાં આવેલી ૧૮ મટન-ચીકન તથા ઈંડા શોપને બંધ કરાવી દીધી હતી. ખેડબ્રહ્મા નગરપાલિકા ઈ.ચા. ચીફ ઓફીસર જી.પી. નાઈ, વિરેન્દ્રસિંહ પરમાર, ભરભાઈ સુતરીયાની ટીમે ગ્રામ વિસ્તારમાં આવેલ બે દુકાન તથા સ્ટેશન વિસ્તારમાં ૧૬ જેટલી દુકાનદારોને તાત્કાલિક ધોરણે મટન, ચીકન તથા ઈંડાના વેચાણ પર પ્રતિબંધ મુકી બંધ કરાવી દીધી હતી.